# આણંદ કૃષિ યુનિવર્સિટીએ રાજ્ય કક્ષાની ઝવેરચંદ મેઘાણી રચીત કાવ્યગાન સ્પર્ધામાં સિધ્ધિ મેળવી

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'રાષ્ટ્રીય શાયર' શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે તા.૨૯/૦૮/૨૦૨૧ થી તા.૦૧/૧૦/૨૦૨૧ દરમ્યાન રાજ્યની યુનિવર્સિટીઓની રાજ્ય કક્ષાની 'રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી દ્વારા રચિત અને સંપાદિત ગીતોના કાવ્યગાન સ્પર્ધાનું આયોજન શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત, અમદાવાદકોંસો (કે.સી.જી.), નવરંગપુરા, અમદાવાદ ખાતે થયેલ. જેમાં ૪૨ યુનિવર્સિટીનાં કુલ ૧૨૨ સ્પર્ધકોએ ભાગ લીધેલ. આણંદ કૃષિ યુનિવર્સિટીમાં પ્રથમ યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધાનું આયોજન નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણની કચેરી દ્વારા તા.૧૭/૦૯/૨૦૨૧ ના રોજ ઓડીટરીયમ, બી.એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચર ખાતે કરવામાં આવેલ. જેમાં પ્રાચી વી. સાકરીયા, દર્શન એમ. મુલીયા, મીતલ આર. મેશ્વાનીયા અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે વિજેતા થયેલ હતા. સદર ત્રણેય વિજેતાઓને તા.૦૧/૧૦/૨૦૨૧ ના રોજ નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત, અમદાવાદ ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા મોકલવામાં આવેલ. જેમાંથી પ્રાચી વી. સાકરીયાએ રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન હાંસલ કરી આણંદ કૃષિ યુનિવર્સિટીને ગૌરવ પ્રદાન કરેલ. આણંદ કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડૉ. કે.બી. કથીરીયા અને નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ ડૉ. દિનેશ એચ. પટેલ દ્વારા અભિનંદન પાઠવેલ. રાજ્ય સરકાર દ્વારા પ્રાચી વી. સાકરીયાને રૂ. ૧૧,૦૦૦/- નું ઇનામ એનાયત થયેલ છે. ડૉ.એચ. એન. પ્રજાપતિ, મદદનીશ પ્રાધ્યાપક, બાગાયત મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટીએ ટીમ મેનેજર તરીકે ફરજ બજાવેલ.

